## ચોમાસાના પ્રારંભે જ વડોદરામાં જળ કટોકટીના એંધાણ

# આજવાની જળસપાટી ૨૦૭.૮૫ ફૂટે અટકી




વડોદરાઃ ચાલુ વર્ષે ચોમાસાની અત્યંત નબળી અને ધીમી શરૂઆત થવાના કારણે સંસ્કારી નગરી વડોદરા શહેર અને સમગ્ર જિલ્લામાં જળસંકટના ઘેરા વાદળો મંડરાઈ રહ્યા છે. ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો હોવા છતાં વડોદરા જિલ્લામાં વરસાદની ભારે ખેંચ વર્તાઈ રહી છે. અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં સરેરાશ માત્ર ૭ થી ૮ ઈંચ જેટલો જ સામાન્ય વરસાદ નોંધાયો છે, જેના કારણે પાક સુકાઈ જવાની ભીતિથી સ્થાનિક ખેડૂતો સહિત સામાન્ય નાગરિકોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. વડોદરા શહેરની જીવાદોરી સમાન ગણાતા ઐતિહાસિક આજવા સરોવરમાં પણ કુદરતી પાણીની આવક નહિવત જેવી છે અને પૂરતા પ્રમાણમાં સરોવર ભરાઈ શક્યું નથી. વરસાદના અભાવે જળાશયોના જળસ્તર સતત ચિંતાજનક સ્થિતિ તરફ સરકી રહ્યા છે. તાજેતરમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે અને શહેરમાં પાણી કાપની સ્થિતિ ટાળવા માટે નર્મદા મુખ્ય કેનાલમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. આ કૃત્રિમ આવકના પરિણામે આજવા સરોવરની જળસપાટી માંડ માંડ ૨૦૭.૮૫ ફૂટ સુધી પહોંચી શકી છે. આ કપરી સ્થિતિને જોતા જો આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને નહીં વરસે અને જળગ્રહણ ક્ષેત્રો તેમજ ઉપરવાસમાંથી નવા પાણીની ધોધમાર આવક નહીં થાય, તો વડોદરાવાસીઓની દૈનિક તરસ છિપાવવા માટે પાલિકા તંત્રને ફરી એકવાર સરદાર સરોવર નર્મદા નિગમ પાસેથી કરોડો રૂપિયા ખર્ચીને નર્મદાનું પાણી ખરીદવાની ફરજ પડી શકે છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ઉનાળાના અંત ભાગમાં આજવા સરોવર તળિયાઝાટક થઈ જતાં પાલિકાએ કરોડોના ખર્ચે નર્મદાનું પાણી લીધું હતું. હવે ચોમાસાના પ્રથમ તબક્કામાં પણ વરસાદી ખેંચ રહેતા તંત્રની ચિંતાઓ બમણી થઈ ગઈ છે.

### નળ સૂકાયા, બોરિંગ ફેઇલ: વડોદરામાં ચોમાસા વચાળે ટેન્કર રાજ!

ચાલુ વર્ષે ચોમાસાની નબળી શરૂઆત અને વરસાદની ભારે ખેંચના કારણે વડોદરા શહેરમાં ભૂગર્ભ જળસ્તર ચિંતાજનક રીતે પાતાળમાં સરકી ગયા છે. સામાન્ય રીતે ચોમાસામાં જળસ્ત્રોતો છલકાઈ જતા હોય છે, પરંતુ આ વર્ષે સ્થિતિ ઉલટી બની છે. વરસાદના અભાવે શહેરની અનેક સોસાયટીઓમાં પીવાના પાણીના કૂવા અને બોરિંગ સાવ સૂકાભઠ્ઠ થઈ ગયા છે. બોરિંગ ફેઇલ થતાં અને પાલિકાના પાણીનું દબાણ ઘટતાં હવે સ્થાનિક રહીશો ચોમાસાની ઋતુમાં પણ મોંઘા ભાવના ખાનગી ટેન્કરો મંગાવવા મજબૂર બન્યા છે. ઘરવપરાશ અને દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે સોસાયટીઓ બહાર ટેન્કરોની લાઈનો જોવા મળી રહી છે.

## ગોરવા અને કારેલીબાગમાં નવા મકાનમાંથી દાગીના, ઇલેક્ટ્રિક વાયર ગાયબ

# શહેરમાં તસ્કરોનો તરખાટ યથાવત : બે મકાન-ડી-માર્ટને નિશાન બનાવ્યા

**અકોટા ડી માર્ટમાંથી** 36 હજારના ઘીના પાઉચની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.16
વડોદરા શહેરમાં ચોરીના ત્રણ અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. ગોરવા વિસ્તારમાં એક ફ્લેટમાંથી રૂ.1 લાખના સોનાના દાગીનાની , અકોટા અને વાસણા ડી-માર્ટમાંથી રૂ.36 હજારના ઘીના પાઉચની ચોરી તેમજ કારેલીબાગમાં નવા બની રહેલા મકાનમાંથી રૂ.1.28 લાખના ઈલેક્ટ્રિક વાયરોની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચોરોનુ પગેરુ મેળવવા હાલ તજવીજ હાથ ધરી છે. ગોરવા વિસ્તારની ઉપકાર સોસાયટી પાસે આવેલા કર્મભૂમિ ફ્લેટમાં રહેતાં અને ટ્યુશન ક્લાસ ચલાવતાં જયાબેન રાજેશભાઈ શર્માની ફરિયાદ મુજબ તેમના પતિએ 11 જૂને કબાટમાં અંદાજે રૂ.1 લાખના સોનાના દાગીના રાખ્યા હતા. ઘરની ચાવી વર્ષોથી કામ કરતી કામવાળીઓ માટે દરવાજા પર લટકાવી રાખવાની પ્રથા હતી. 15 જૂને કબાટ તપાસતા સોનાની ચેઈન, લોકેટ અને મંગળસૂત્ર ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ બહારગામ જવાનું હોવાથી ફરિયાદ મોડેથી નોંધાઈ હતી. પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરમાં ચોરીના બીજા બનાવમાં અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ચાર મહિલાઓએ અકોટા અને વાસણા સ્થિત ડી-માર્ટમાંથી અમૂલ કંપનીના ભેંસ અને ગાયના ઘીના કુલ 56 એક લીટરના પાઉચ રૂ.36 હજાર, બિલ ચૂકવ્યા વિના ચોરી કરી લઈ જવાનો આરોપ છે. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જ્યારે શહેરમાં ચોરીના બનતા બનાવો વચ્ચે ત્રીજા બનાવમાં કારેલીબાગના ઉત્કર્ષ પેટ્રોલ પંપ પાછળ આવેલા નવા બની રહેલા મકાનમાંથી રૂ.1.28 લાખના ઈલેક્ટ્રિક વાયરોની ચોરી થઈ હતી. ફરિયાદી રોનક ગોવિંદભાઈ રાણાની ફરિયાદ મુજબ 5થી 12 જુલાઈ દરમિયાન અજાણ્યો ચોર મકાનમાં પ્રવેશી અલગ-અલગ કંપનીના ઈલેક્ટ્રિક વાયરો કાઢી લઈ ગયો હતો. કારેલીબાગ પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૧૦% સુધીનું વિશેષ વળતર

# એડવાન્સ વેરા વળતર યોજના રૂા.૧૦૪.૯૮ કરોડની આવક



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
વડોદરા મહાનગરપાલિકા દ્વારા મિલકત ધારકો માટે પ્રોત્સાહક એડવાન્સ રિબેટ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ચાલુ વર્ષે તા. ૧૫-૦૭-૨૦૨૬ સુધીમાં આ યોજના હેઠળ મિલકત વેરાની કુલ આવક રૂ. ૧૦૪.૯૮ કરોડ થઈ છે. વર્ષ ૨૦૨૬-૨૭નો મિલકત વેરો એડવાન્સમાં ભરનાર કરદાતાઓ માટે રહેણાંક મિલકત પર ૧૦% અને બિન-રહેણાંક મિલકત પર ૫% વળતરની જોગવાઈ કરવામાં આવી છે, તેમજ ઓનલાઈન પેમેન્ટ કરનાર કરદાતાઓને બંને કિસ્સામાં વધારાનું ૧% વળતર પણ આપવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ઓનલાઈન પેમેન્ટ કરનાર ૧,૦૫,૨૯૫ કરદાતાઓ પાસેથી રૂ. ૮૨.૬૩ કરોડની આવક અને ઓફલાઈન પેમેન્ટ કરનાર ૩૩,૯૬૨ કરદાતાઓ પાસેથી રૂ. ૨૨.૩૫ કરોડની આવક થયેલ છે, જે અંતર્ગત કરદાતાઓને અત્યાર સુધીમાં રૂ. ૭.૨૮ કરોડનું વળતર આપવામાં આવ્યું છે. આ યોજનાનો લાભ લેવા માટેની અંતિમ તારીખ તા. ૨૪-૦૭-૨૦૨૬ છે. ત્યારબાદ ઓગસ્ટ માસમાં નિયમિત વેરા બિલ આપવાની કાર્યવાહી કરવામાં આવશે, તેથી તમામ કરદાતાઓને આ યોજનાનો મહત્તમ લાભ લેવા માટે વડોદરા મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# વાઘોડિયા ચોકડી પાસે બાળકોના ઝઘડામાં બે પરિવાર બાખડયા

વડોદરા : વડોદરાના વાઘોડિયા ચોકડી નજીક આવેલા તક્ષ ગેલેક્સી વિસ્તારમાં બાળકો વચ્ચે થયેલા ઝઘડાને લઈને બે પરિવારો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. આ મામલે કપુરાઈ પોલીસે પાંચ નામજોગ અને એક અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધ્યો છે. પાર્થ યોગેન્દ્રભાઈ પટેલના જણાવ્યા મુજબ આરોપીઓ તેમના ઘરની બહાર આવી હુમલો કર્યો હતો. દક્ષેશ શાહ અને અન્ય એક વ્યક્તિએ તેમનેને થપ્પડ મારી હતી, જ્યારે અન્ય આરોપીએ તેમની માતાને લાત મારી નીચે પાડી દીધી હતી. ત્યારબાદ તમામ આરોપીઓએ મળીને ગડદાપાટુનો માર મારી ગાળાગાળી કરી અને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ફરિયાદના આધારે પોલીસે નિરવ શાહ, હેતલ શાહ, દક્ષેશ શાહ સહિત અન્ય ત્રણ સામે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે

## વડોદરામાં હિટ એન્ડ રનનો કાળો કેર

# VIP રોડ પર કારે બાઈકને અડફેટે લેતા વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
વડોદરા શહેરના વીઆઈપી રોડ પર ગત રાત્રે સર્જાયેલા એક ભયાનક 'હિટ એન્ડ રન'ના બનાવમાં એમ.એસ.યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓ અકસ્માતનો ભોગ બન્યા છે. આ અકસ્માતમાં ઉત્તર પ્રદેશના વતની અને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા રીતુરાજસિંહ નામના વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ છે. અકસ્માત સર્જીને ફરાર થયેલો કાર ચાલક હજુ પણ પોલીસ પકડથી દૂર છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એમ.એસ. યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં રહેતા સુજલ મનોજકુમાર ચૌહાણ ઉં.વ. ૨૧, મિહિર શૈલેષભાઈ પટેલ ઉં.વ. ૨૧ અને રીતુરાજસિંહ ગત ૧૪ જુલાઈના રોજ મોડી રાત્રે જમવા માટે ગોલ્ડન ચોકડી પાસે આવેલી સંગમ હોટેલ ગયા હતા. રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યાના સુમારે હરણી રોડ પર રહેતા એક મિત્રને મળીને ત્રણેય મિત્રો પોતાની બાઈક પર હોસ્ટેલ પરત ફરી રહ્યા હતા. દરમિયાન, અમિતનગર બ્રિજથી એલ એન્ડ ટી સર્કલ તરફ જતા રસ્તા પર એસ.બી.આઈ. બેંકની સામે એક અજાણ્યા ફોર વ્હીલર ચાલકે પોતાની કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને વિદ્યાર્થીઓની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ઘટનાના સામે આવેલા સીસીટીવી ફૂટેજ રૂવાડા ઉભા કરી દે તેવા છે. કારની ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય વિદ્યાર્થીઓ અને તેમની બાઈક હવામાં ફંગોળાઈને ૧૦૦ ફૂટ દૂર જઈને પટકાયા હતા. રક્ષિત કાંડની યાદ અપાવતી આ ઘટનામાં માનવતાને નેવે મૂકી કાર ચાલક અકસ્માત સર્જીને સ્થળ પરથી ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકો અને રાહદારીઓની જાણ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ત્રણેય વિદ્યાર્થીઓને તાત્કાલિક એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રિતુરાજસિંહનું મોત નિપજ્યું હતું. અન્ય ઈજાગ્રસ્ત સુજલ ચૌહાણ અને મિહિર પટેલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. સુજલ ચૌહાણને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જ્યારે મિહિર પટેલને માથાના ભાગે અને પાંસળીમાં ગંભીર ઈજાઓ હોવાનું જાણવા મળે છે. ઘટના અંગે ઈજાગ્રસ્ત સુજલ ચૌહાણે હોસ્પિટલમાંથી જ પોલીસને ફરિયાદ નોંધાવી છે.

## પરિવાર સાથે બેઠક યોજી સમાધાન કરાવ્યુ

# પતિના ત્રાસથી કંટાળેલી પરિણીતા કોઈને કહ્યા વગર ઘરેથી ભાગી ગઇ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
બાપોદ વિસ્તારમાં પત્નીને પતિ દ્વારા માનસિક ત્રાસ આપવા સાથે તેમની સાથે કોઈ સંબંધ ન રાખી અવગણના કરાતી હોય તેઓ કંટાળી ગઈ હતી. જેના પગલે પરિણીતા ઘર છોડીને નીકળી ગઈ હતી. અભયમ ટીમે મહિલાને શોધી કાઢ્યા બાદ પતિ-પત્નીનું કાઉન્સેલિંગ કરીને બંને વચ્ચે સુખદ સમાધાન કરાવ્યું હતું. વડોદરા શહેરના બાપોદ વિસ્તારમા રહેતી પરિણીતાએ અભયમ ટીમને જણાવ્યું હતું કે તેમના લગ્નને ઘણા વર્ષો થયા છે પરંતુ પતિ તેમની લાગણીઓ અને વાતોને મહત્વ આપતા નથી તેમજ પરિવારના અન્ય સભ્યોની વાતોને વધુ પ્રાધાન્ય આપે છે. આખા દિવસ દરમિયાન બે બાળકોની સંભાળ અને ઘરકામની જવાબદારી એકલી નિભાવતી હોવા છતાં પતિ તરફથી કોઈ સહકાર કે સમય મળતો નહોતો. નોકરી પરથી ઘરે પરત ફર્યા બાદ પણ પતિ મોટાભાગનો સમય મંદિરની સેવામાં વિતાવતા હોવાથી પત્ની અને બાળકો સાથે પૂરતો સમય પસાર કરતા નહોતા. ઉપરાત પોતાની આવક સહિતની પરિવારની મહત્વની બાબતો પણ પત્નીને જણાવતા નહોતા. આ સતત માનસિક ત્રાસ અને અવગણનાથી કંટાળીને પરિણીતા કોઈને જાણ કર્યા વિના ઘર છોડીને બાગમાં જતી રહી હતી. આ મહિલા ઘર છોડીને જતી રહી હોવાની અભયમ ટીમ ને જાણ થઈ હતી જેથી અભયમ ની ટીમ મહિલાને શોધી કાઢ્યા બાદ પરત લાવી બાપોદ વિસ્તારમાં તેમના નિવાસસ્થાને પહોંચી બંને પક્ષ સાથે વાતચીત કરી સમગ્ર પરિસ્થિતિ જાણી હતી. કાઉન્સેલિંગ દરમિયાન ટીમે પતિને પત્ની અને બાળકોને પૂરતો સમય આપવા, ઘરકામ અને બાળકોની જવાબદારીમાં સહભાગી બનવા તેમજ પારિવારિક બાબતોમાં પત્નીને વિશ્વાસમાં લેવાની સમજ આપી હતી. પતિએ પોતાની ભૂલ સ્વીકારી ભવિષ્યમાં વર્તનમાં સુધારો લાવવાની ખાતરી આપી હતી.

## ૧૦થી વધુ સોસાયટીના રહીશોમાં રોષ

# વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ પર પેવર બ્લોકની કામગીરી અધૂરી મુકાતા સ્થાનિકો બેહાલ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૧૬માં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ પર આવેલા શરણમ ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેવર બ્લોક નાખવાની કામગીરી માટે મુખ્ય માર્ગની બંને બાજુએ મોટા પાયે ખોદકામ કરવામાં આવ્યું હતું. જો કે, રસ્તો ખોદ્યા બાદ કામગીરી આગળ ધપાવવાને બદલે અચાનક જ તેને અધવચ્ચે અટકાવી દેવામાં આવી છે. તંત્ર દ્વારા ચોમાસાની ઋતુનું બહાનું આગળ ધરીને છેલ્લા ૬ મહિનાથી આ કામ સંપૂર્ણપણે બંધ કરી દેવાતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફેલાયો છે. રસ્તાઓ ખોદીને અધૂરા છોડી દેવાના કારણે શરણમ ચાર રસ્તા પાસે આવેલી પ્રમુખપાર્ક, ધનલક્ષ્મી, કૃષ્ણાશ્રય, ઉમાપાર્ક સહિતની આશરે ૧૦ જેટલી સોસાયટીઓના હજારો રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રસ્તા પર ઠેર-ઠેર ખાડાઓ અને માટીના ઢગલાઓને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે અહીંથી પસાર થવું અત્યંત કષ્ટદાયક બન્યું છે. ખાસ કરીને નાના બાળકો અને સિનિયર સિટીઝનો માટે આ જોખમી રસ્તા પરથી પસાર થવું અકસ્માતને આમંત્રણ આપવા સમાન સાબિત થઈ રહ્યું છે. વરસાદી માહોલમાં ખોદાયેલા રસ્તા પર કાદવ-કીચડનું સામ્રાજ્ય સ્થપાતા સ્થાનિકોનું જીવવું દુષ્કર બન્યું છે. ભોગ બનેલા સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ગંભીર સમસ્યા અંગે વોર્ડ કચેરીમાં રૂબરૂ જઈને અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. આ ઉપરાંત કોર્પોરેશનની એપ્લિકેશન પર ઓનલાઈન ફરિયાદો પણ નોંધાવવામાં આવી છે. આમ છતાં, કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા તંત્રના પેટનું પાણી હલતું નથી અને હજી સુધી રસ્તાના સમારકામ કે પેવર બ્લોક બેસાડવાની કામગીરી શરૂ કરવામાં આવી નથી. સ્થાનિકોએ આક્રોશ સાથે ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ અધૂરી કામગીરી પૂર્ણ કરી રસ્તો પૂર્વવત કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## વિવિધ વિસ્તારમાં સુરક્ષા માટે પગલા લેવાયા

# ભારે પવન-વરસાદમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા તંત્ર એલર્ટ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
ચોમાસાની ઋતુ દરમિયાન ભારે પવન અને વરસાદને કારણે શહેરમાં સંભવિત અકસ્માતો અને વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓને રોકવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સુરક્ષાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો છે. પાલિકાના પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જોખમી વૃક્ષોના ટ્રીમિંગની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાની પાર્કસ એન્ડ ગાર્ડન શાખા દ્વારા જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને રણછોડજીની પોળ, માંજલપુર અને શિતળા માતાના મંદિર, ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા જોખમી વૃક્ષોની ડાળખીઓ કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત વૃક્ષોના ભારે અને જોખમી ડાળખાંને વ્યવસ્થિત રીતે દૂર કરવામાં આવ્યા છે, જેથી વરસાદી મોસમમાં ડાળીઓ તૂટી પડવાથી થતા અકસ્માતોને અટકાવી શકાય. આ સમગ્ર કામગીરી પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગના કર્મચારીઓ અને ટેકનિકલ ટીમ દ્વારા અત્યંત સુવ્યવસ્થિત આયોજન સાથે પાર પાડવામાં આવી હતી. કામગીરી દરમિયાન વાહનવ્યવહાર ખોરવાય નહીં અને કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે સ્થાનિક ટ્રાફિક વિભાગના સહયોગથી વાહનોને સુરક્ષિત રીતે અન્ય માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યા હતા.

## યુનિવર્સિટીના રજિસ્ટ્રારે તમામ ડીન અને આચાર્યોને જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું

# MSUમાં ૨૦૨૬-૨૭ માટે ફેકલ્ટી સ્ટુડન્ટ અને સ્પોર્ટ્સ કોઓર્ડિનેટરની નિમણૂક



( પ્રતિનિધિ ) વડોદરા,તા.16મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે વિવિધ ફેકલ્ટી અને કોલેજોમાં ફેકલ્ટી સ્ટુડન્ટ કોઓર્ડિનેટર અને ફેકલ્ટી સ્પોર્ટ્સ કોઓર્ડિનેટરની નિમણૂક કરવામાં આવી છે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની મંજૂરીથી આ અંગેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. કોઓર્ડિનેટર અને ફેકલ્ટી સ્પોર્ટ્સ કોઓર્ડિનેટરની નિમણૂક પામનારા તમામ કોઓર્ડિનેટર્સને દર મહિને 1,200 રૂપિયાનું માનદ વેતન ચૂકવવામાં આવશે.
યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ આર્ટસ ફેકલ્ટીમાં પ્રો. ભરત પંડ્યા સ્ટુડન્ટ કોઓર્ડિનેટર અને ડો. ભરત ડિયોરા સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર તરીકે નિયુક્ત થયા છે. કોમર્સમાં ડો. વિશાલ એન. શાહ અને ડો. સંદિપ પ્રજાપતિ, એજ્યુકેશન એન્ડ સાયકોલોજીમાં એમએસ. રિયા ભટ્ટ અને ડો. ભરત પરમાર, ફેમિલી એન્ડ કમ્યુનિટી સાયન્સમાં ડો. સ્વેતા પટેલ અને ડો. કવિતા શાહની નિમણૂક કરાઈ છે.ફાઈન આર્ટસમાં મિ. ઉદય પંચાલ અને મિ. શુભમ પટેલ, જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનમાં મિ. અંકિત વૈષ્ણવ અને ડો. આત્મન દેસાઈ, લોમાં મિ. મયંક પરમાર અને મિ. રાજકુમાર ગુપ્તા, મેડિસિનમાં ડો. સોનિયા બાર્વે અને ડો. ગોવિંદ નિનામા, મેનેજમેન્ટ સ્ટડીઝમાં એમએસ. સ્મિતા ત્રિવેદી અને ડો. ભાર્ગવ પંડ્યા, ફાર્મસીમાં ડો. ભાવિક ચૌહાણ અને ડો. પ્રશાંત મુરુમકરની પસંદગી કરવામાં આવી છે. પરફોર્મિંગ આર્ટસમાં ડો. નીતિન પરમાર અને ડો. દીપક સોલંકી, સાયન્સમાં પ્રો. ભીખા એલ. ઘોડાદરા અને ડો. પ્રીતી પાટીદાર, ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગમાં મિ. હેમંગ આર. ટેલર અને ડો. અધર એ. મંડોત, સોશિયલ વર્કમાં ડો. નબીલા કુરેશી અને ડો. ચિંગ્લે લિયાશ્રમ, પોલિટેકનિકમાં ડો. ધ્રુમિત કે. ત્રિવેદી અને મિ. સંદીપ કે. ખરવા, એમ.કે. અમીન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં ડો. પૂર્વી ચાવલા અને ડો. રામરૂપ કે. શર્મા તેમજ બરોડા સંસ્કૃત વિદ્યાલયમાં ડો. ચેતન કે. પંડ્યા અને ડો. મીરા ડી. દુબેની નિમણૂક કરવામાં આવી છે. યુનિવર્સિટીના રજિસ્ટ્રારે તમામ ડીન અને આચાર્યોને જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું છે.

## સમા અને ઓલ્ડ પાદરા રોડ પર બનેલી ઘટનાઓથી ચકચાર

# શહેરમાં યુવાન-યુવતીએ ઝેરી પ્રવાહી ગટગટાવ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
શહેરમાં આજે આપઘાત કરવાના પ્રયાસના બે ચોંકાવનારા બનાવો સામે આવ્યા છે. સમા સાવલી રોડ અને ઓલ્ડ પાદરા રોડ વિસ્તારમાં રહેતા એક ૩૪ વર્ષીય યુવાન અને ૧૮ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી પ્રવાહી પી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બંનેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રથમ બનાવમાં, સમા-સાવલી રોડ પર આવેલી ઊર્મિ સ્કૂલની પાછળ સત્યમ નગરમાં રહેતા ૩૪ વર્ષીય સપનભાઈ મોરેએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લીધું હતું. ઝેરી પ્રવાહી પેટમાં જતાં જ તેમને સતત ઊલટીઓ થવા લાગી હતી અને ચક્કર આવતા પરિવારજનો ગભરાઈ ગયા હતા. તુરંત જ તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. હાલ સપનભાઈ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેઓ ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે.

બીજા એક બનાવમાં, ઓલ્ડ પાદરા રોડ પર રિલાયન્સ મોલની પાછળ આવેલા સંતોષનગરમાં રહેતી ૧૮ વર્ષીય યુવતીએ પણ અગમ્ય કારણોસર હાર્પિક પી લીધું હતું. યુવતીએ ઝેરી પ્રવાહી પી લેતા તેણીને પણ ગંભીર હાલતમાં ઊલટીઓ થવા લાગી હતી. પરિવારજનોએ તાત્કાલિક ધોરણે તેને સયાજી હોસ્પિટલ ખસેડી હતી. યુવતી હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે અને સદનસીબે તે ભાનમાં છે. સ્થાનિક પોલીસ આ બંને બનાવો અંગે વધુ તપાસ હાથ ધરી રહી છે. બંને કિસ્સામાં આટલું મોટું પગલું ભરવા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

## વીડિયો વાયરલ થતા ટ્રાફિક નિયમોના ભંગનો મુદ્દો ચર્ચામાં

# અટલ બ્રિજ પર રોંગ સાઈડમાં બે મહિલા ચાલક આવતાં અન્ય વાહન ચાલકો અટવાયા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.16
વડોદરા શહેરના અટલ બ્રિજ પર ફરી એકવાર ટ્રાફિક નિયમોની ઉલ્લંઘનનો બનાવ સામે આવ્યો છે. એક્ટિવા પર સવાર બે મહિલાઓએ બ્રિજ પરથી રોંગ સાઈડમાં મોપેડ ઉતારવાનો પ્રયાસ કરતા સામેથી આવતા વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. મહિલા ચાલકની આ બેદરકારીના કારણે સામેથી આવતા વાહનચાલકોને અચાનક બ્રેક મારીને થોભવું પડ્યું હતું.

જેના પગલે બ્રિજ પર થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન સામેથી આવતા એક જાગૃત કારચાલકે એક્ટિવા પર સવાર બંને મહિલાઓને જોઈને પોતાની કાર ધીમી કરીને અટકાવી દીધી હતી. સાથે જ તેણે રોંગ સાઈડમાં આવી રહેલી મહિલાઓનો મોબાઈલમાં વીડિયો પણ ઉતારી લીધો હતો. આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતા ટ્રાફિક સલામતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

અત્રે નોંધનીય છે કે, વડોદરા શહેરમાં ખાસ કરીને અટલ બ્રિજ પર અકસ્માતોના બનાવોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે આ પ્રકારની બેદરકારી દાખવાતા અન્ય વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે છે.

# વાઘોડિયાના આમોદર નજીક દારૂની હેરાફેરીનો પર્દાફાશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
વાઘોડિયા પોલીસની ટીમ રાત્રિના સમયે આમોદર ગામ નજીક નિયમિત પેટ્રોલિંગ અને વાહન ચેકિંગમાં વ્યસ્ત હતી. તે દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતી એક કારને અટકાવી તપાસ કરતા દારૂનો જથ્થો રૂ.3.29 લાખની કિંમતનો મળી આવ્યો હતો. આગળની તપાસમાં દારૂ ભરેલી કારની આગળ ચાલી રહેલી એક અન્ય કાર પાયલોટિંગ માટે ઉપયોગમાં લેવાતી હોવાનું સામે આવતાં પોલીસે આ કારને પણ પણ ઝડપી પાડી હતી. બંને વાહનોની તપાસ દરમિયાન ત્રણ મોબાઈલ ફોન પણ મળી આવતા કબજે કરવામાં આવ્યા હતા. પોલીસે બંને કાર અને મોબાઈલ ફોન મળી રૂ. 11.41લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.પોલીસે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ખાટડી ગામના અનિલ ગોવાળિયા અને અમરદીપ ગોવાળિયાની ધરપકડ કરી તેમની સામે એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

## બંને યુવકો હાલ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

# બે અલગ-અલગ બનાવમાં યુવકોને જીવજંતુ અને સાપ કરડતા દોડધામ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬
વડોદરા જિલ્લાના પાદરા તાલુકા અને શહેરના તરસાલી વિસ્તારમાં બે અલગ-અલગ બનાવોમાં બે યુવકો જીવજંતુ અને સાપનો ભોગ બન્યા હતા. બંને યુવકોને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સદનસીબે, બંને યુવકો હાલ ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પાદરા તાલુકાના ભ્રમણવાસિકા ગામ ખાતે રહેતા ૨૮ વર્ષીય અજીતકુમાર પઢિયારને અજાણ્યા જીવજંતુએ ડંખ માર્યો હતો. જીવજંતુ કરડવાથી યુવકની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે અને તેમની સ્થિતિ સુધારા પર હોવાનું તબીબી સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. બીજા એક બનાવમાં, વડોદરાના તરસાલી વિસ્તારના ધણીયાવી ગામ ખાતે આવેલા રેતીના પ્લાન્ટમાં કામ કરતા ૨૩ વર્ષીય આદિત્ય નામના યુવકને કામ દરમિયાન સાપે ડંખ માર્યો હતો. સાપ કરડવાના કારણે યુવકના જમણા પગમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો અને સહકર્મીઓએ ગભરાયેલી સ્થિતિમાં તેને તાત્કાલિક અસરથી સયાજી હોસ્પિટલ પહોંચાડ્યો હતો. હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં તેની પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી છે. નિષ્ણાતોના મતે, જ્યારે પણ સાપ કે ઝેરી જીવજંતુ કરડે, ત્યારે ગભરાયા વગર દર્દીને શક્ય તેટલી વહેલી તકે નજીકની સરકારી હોસ્પિટલમાં પહોંચાડવા જોઈએ. ડંખવાળી જગ્યા પર કોઈપણ પ્રકારના દેશી ઉપચાર કે બાંધણ બાંધવાને બદલે તરત જ એન્ટી-વેનમ સારવાર લેવી હિતાવહ છે.